જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । શુક્રવાર । તા. ૨૯-૩-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૬ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છાપવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

મેરઠમાં વડાપ્રધાને જાહેરસભાને સંબોધી લોકસભા ચૂંટણી પ્રચારનો શંખ ફૂંક્યો

અમારી સરકારે જમીનથી લઈને અંતરીક્ષ સુધી સર્જિકલ સ્ટ્રાઈક કરીઃ મોદી

મેરઠ

લોકસભા ચૂંટણી ૨૦૧૯માં ભાજપની જીત સુનિશ્ચિત કરવા માટે વડાપ્રધાને આજથી ચૂંટણી પ્રચાર શરૂ કર્યો છે. પીએમ મોદીએ આજે મેરઠમાં એક જનસભાને સંબોધી. તેમની સાથે યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને અન્ય નેતાઓ પણ મંચ પર હાજર હતાં. પીએમ મોદીનું ભાજપના કાર્યકર્તાઓએ ફૂલનો હાર પહેરાવીને સ્વાગત કર્યું હતું. પીએમ મોદીએ ખીચોખીચ ભરેલા મેદાનના મંચ પરથી કહ્યું કે 'જેમને ૨૦૧૯નો જનાદેશ જોવો હોય તે આ જનસેલાબ જોઈ લે.' તેમણે મંચ પરથી કહ્યું કે આ વખતે ભાજપની સરકાર બનવાનું નક્કી જ છે. પીએમ મોદીએ કહ્યું કે 'જમીન હોય કે આકાશ, કે પછી અંતરીક્ષ... સર્જિકલ સ્ટ્રાઈકનું સાહસ તમારા આ ચોકીદારની સરકારે કરીને દેખાડ્યું છે. આ વર્ષે અમને ૨૦૧૪ કરતા પણ મોટી જીત મળશે.

પીએમ મોદીએ વિપક્ષ પર જોરદાર પ્રહારો કર્યા. તેમણે ઉત્તર પ્રદેશમાં સપા-બસપા અને આરએલડીના ગઠબંધનને 'શરાબ' ગણાવ્યું. તેમણે કહ્યું કે સપાનો શ, રાષ્ટ્રીય લોક દળનો આર અને બસપાના બથી બચીને રહો. કારણ કે તે સ્વાસ્થ્ય માટે હાનિકારક છે.

તેમણે કહ્યું કે આજે એક બાજુ વિકાસનો નક્કર આધાર છે, બીજી બાજુ ન નીતિ છે ન વિચાર, કે ન નિયત છે. આજે એક બાજુ નવા ભારતના સંસ્કાર છે અને બીજી બાજુ વંશવાદની બોલબાલા છે. આજે એક બાજુ નવા ભારતના સંસ્કાર છે તો બીજી બાજુ વંશવાદ અને ભ્રષ્ટાચારનો વિસ્તાર છે. એક બાજુ દમદાર ચોકીદાર છે તો બીજી બાજુ કલંકિતોની ભરમાર છે. પીએમ મોદીએ કહ્યું કે ૫ વર્ષ પહેલા જ્યારે મેં તમારી પાસે આશીર્વાદ માંગ્યા હતાં ત્યારે તમે ભરપૂર પ્રેમ આપ્યો. મેં કહ્યું હતું કે તમારા પ્રેમને હું વ્યાજ સાથે પાછો આપીશ અને જે કામ મેં કર્યું છે તેનો હિસાબ આપીશ

ચોકીદાર ક્યારેય અન્યા નથી કરતો,મારા કામનો હિસાબ આપીશ અને બીજાના કામનો હિસાબ માંગીશ,૭૦ વર્ષ સુધી ગરીબોના બેંક ખાતા ના ખોલનારા હવે તેમાં રુપિયા નાખવાની વાત કરે છે



અને સાથે સાથે બીજાનો હિસાબ પણ લઈશ. જ્યારે હું બેંક ખાતા ખોલાવડાવતો હતો તો કેટલાક બુદ્ધિજીવીઓ કહેતા હતાં કે દેશમાં બેંક જ નથી તો ખાતાથી શું થશે. જે લોકો ૭૦ વર્ષમાં ગરીબના ખાતા નથી ખોલાવી શક્યા તેઓ આજે કહે છે કે ખાતામાં પૈસા નાખશે.

પીએમ મોદીએ કહ્યું કે બધા મહામિલાવટી લોકો કોણ પાકિસ્તાનમાં વધુ પોપ્યુલર બનશે તેની પ્રતિસ્પર્ધામાં લાગ્યા છે. ત્યાંના મીડિયામાં છવાયેલા છે. તમારે નક્કી કરવાનું છે કે તમારે હિન્દુસ્તાનના હીરો જોઈએ કે પછી પાકિસ્તાનના? તેમણે કહ્યું કે હું દેશ માટે મારું બધુ દાવ પર લગાવવા માટે તૈયાર રહેનાર વ્યક્તિ છું. કોઈ પણ રાજકીય દબાણ, કોઈ પણ આંતરરાષ્ટ્રીય દબાણ તમારા આ ચોકીદારને ડગાવી શકશે નહીં અને ડરાવી શકશે પણ નહીં.

તેમણે એર સ્ટ્રાઈક પર પુરાવા માંગનારા લોકો ઉપર પણ આકરા પ્રહારો કર્યા. તેમણે કહ્યું કે વિપક્ષ રડે છે કે મોદીએ પાકિસ્તાનને ઘરમાં ઘૂસીને કેમ માર્યું. મહાગઠબંધનના નેતા પાકિસ્તાની મીડિયામાં છવાયા છે. ૨૬ ફેબ્રુઆરીથી આતંકીઓ થરથર કાંપી રહ્યાં છે. હવે દેશ જણાવે કે તેમને સબૂત (પુરાવા) જોઈએ કે સપૂત જોઈએ. પીએમ મોદીએ વિપક્ષ પર હુમલો કરતા કહ્યું કે જ્યારે દિલ્હીમાં આ મહામિલાવટી લોકોની સરકાર હતી તો છાશવારે દેશના અલગ અલગ ભાગોમાં બોમ્બ વિસ્ફોટ થતા હતાં. આ આતંકીઓ પણ જાત અને ઓળખ જોતા હતાં અને તેના આધારે ઓળખ કરીને કોને બચાવવાના અને કોને સજા આપવાની તે નક્કી કરતા હતાં.

પીએમ મોદીએ યુપીમાં થયેલા સપા બસપા ગઠબંધન પર આકરા પ્રહારો કર્યાં. તેમણે કહ્યું કે વંશવાદ અને ભ્રષ્ટાચાર માટે યુપીમાં ગઠબંધન થયું છે. ઉત્તર પ્રદેશમાં જે પાર્ટીના નેતાઓને જેલમાં મોકલવા માટે, બહેનજીએ જીવનના ૨ દાયકાઓ લગાવી દીધા તેની સાથે જ હાથ મિલાવી દીધા છે.

મોદી પાંચ વર્ષથી લોકોને બનાવી રહ્યા છે મૂર્ખઃ ઉર્મિલા માતોંડકર

મુંબઈ

કોંગ્રેસમાં સામેલ થયાના બીજા દિવસે જ પ્રખ્યાત અભિનેત્રી ઉર્મિલા માંતોડકરે બીજેપી અને વડાપ્રધાન ઉપર આકરા પ્રહાર કરવાનું શરૂ કરી દીધું છે. ઉર્મિલાએ કહ્યું કે, દેશમાં અસહિષ્ણુતા વધી ગઈ છે. ઉર્મિલા બુધવારે કોંગ્રેસમાં સામેલ થઈ હતી અને બીજા જ દિવસે બીજેપી સામે આકરા પ્રહાર કરવાનું શરૂ કરી દીધું હતું. મીડિયા સાથેની પ્રેસ કોન્ફરન્સમાં ઉર્મિલાએ મોદી સરકાર અને તેમની યોજનાઓ સામે પણ સવાલ ઉભા કર્યા હતા. જોકે ઉર્મિલાએ એવું પણ કહ્યું હતું કે, મોદી વ્યક્તિગત રીતે સારા માણસ છે પરંતુ તેમની નીતિ સારી નથી.

મુંબઈમાં મીડિયા સાથે વાત કરતાં ઉર્મિલાએ કહ્યું કે, મેં ગાંધીજી અને નહેરુજી વિશે ઘણું વાંચ્યું છે. મારો પરિવાર પણ કોંગ્રેસની વિચારધારા સાથે જોડાયેલો છે. આ લોકતાંત્રિક દેશ છે. લોકો જે ઈચ્છે તે તેમને બોલવાની, ખાવાની આઝાદી હોવી જોઈએ. પરંતુ આજની સ્થિતિ જુઓ. લોકો ધર્મના નામે એક બીજા સાથે લડી-ઝઘડી રહ્યા છે. લોકોમાં એક બીજા વિરુદ્ધ ખૂબ નફરત છે. ધર્મના નામે લોકો એકબીજાને મારવા માટે પણ તૈયાર છે. દેશમાં મોબ લિંચિંગની કેટલી ઘટનાઓ બની રહી છે. ઉર્મિલાને સવાલ કરવામાં આવ્યો કે, તેમણે આ વિશે કોંગ્રેસમાં સામેલ થયા પહેલાં કેમ સવાલ ઉભા ન કર્યા? ત્યારે તેમણે કહ્યું કે, અત્યાર સુધી મેં આ વિશે ઘર અને મિત્રો સાથે ઘણી વાત કરી છે પરંતુ હવે મને એક સ્ટેજ મળ્યું છે. તેથી હવે હું માત્ર ચાર દિવાલની વચ્ચે નહીં બોલું.

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના સાંસદ સુપ્રિયા સુલેએ સૌથી વધુ ૧૧૮૧ પ્રશ્ન પૂછ્યા

૧૬મી લોકસભામાં ૨૪૦ બિલ પસાર થયા, ૨૩ બિલ લટક્યાઃ એડીઆર રિપોર્ટ

ન્યુ દિલ્હી

હાલની ૧૬મી લોકસભાના કાર્યકાળ દરમિયાન રજૂ કરવામાં આવેલા કુલ ૨૮૩ વિધેયકોમાંથી ૨૪૦ વિધેયકો પસાર થયા છે. સંસદના નિચલા ગૃહમાં ૧૦ વિધેયકો પરત લઈ લેવામાં આવ્યા જ્યારે ૨૩ વિધેયકો હજુ પેન્ડિંગ છે. ચૂંટણી મોનિટરિંગ સંસ્થા એસોશિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સે આ જાણકારી આપી છે.

૧૬મી લોકસભાની કુલ ૩૧૨ બેઠકોમાં સાંસદ સરેરાશ ૨૨૧ બેઠકોમાં ઉપસ્થિત રહ્યાં જ્યારે સરેરાશ ૨૫૧ પ્રશ્ન પુછવામાં આવ્યા. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીની સુપ્રિયા સુલેએ સૌથી વધારે ૧,૧૮૧ પ્રશ્ન પુછ્યાં. પાર્ટીઓ પ્રમાણે જોવામાં આવે તો સૌથી વધારે પ્રશ્ન શિવસેનાના ૧૮ સાંસદો દ્વારા પુછવામાં આવ્યા. શિવસેનાના પ્રત્યેક સાંસદે સરેરાશ ૬૩૯ પ્રશ્ન પુછ્યા જ્યારે નેશનલ પીપલ્સ પાર્ટીના બે સાંસદોએ સૌથી ઓછા સરેરાશ ૧૦ પ્રશ્ન પુછ્યા.

તેમજ હાજરીના મામલે ૧૬મી લોકસભામાં દિલ્હીના ૭ સાંસદોની સરેરાશ ઉપસ્થિતિ સૌથી વધારે રહી. તેઓ ૨૮૯ બેઠકોમાં હાજર રહ્યાં. જ્યારે ADRએ કહ્યું કે, નાગાલેન્ડના બે સાંસદોની ઉપસ્થિતિ સૌથી ઓછી રહી. તેઓ ૩૧૨ બેઠકોમાં સરેરાશ ૮૮માં ઉપસ્થિત રહ્યાં.

જ્યારે પાર્ટી પ્રમાણે જોવામાં આવે તો ઈન્ડિયન નેશનલ લોકદળના બે સાંસદોની સરેરાશ હાજરી સૌથી વધારે રહી, તેઓ ૨૬૪ બેઠકોમાં સામેલ થયા.

રાહુલ ગાંધી તો હજી બાળક છેઃ મમતા બેનર્જી

કોલકાત્તા

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીને આડે હાથ લીધા. રાહુબ ગાંધીએ બંગાળ સરકાર પર લગાવેલા આરોપો પર મમતા બેનર્જીએ રદીયો આપતા જણાવ્યું કે, લગાવવામાં આવેલ તમામ આરોપોને રદીયો આપતા કહ્યું કે, 'રાહુલ ગાંધી તો હજી બાળક છે.' મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું કે, 'રાહુલે એ જ કહ્યું કે જે તેણે અનુભવ્યું છે. તેથી જ હું આ વાત પર કોઈ ટિપ્પણી કરવા નથી માંગતી. તેઓ હજી બાળક છે. હું આ વિશે તેમને પૂછું તો પણ શું પૂછું? રાહુલ ગાંધીએ ગરીબો માટે લઘુત્તમ આવક આપવાના વાયદા પૂછતા મમતા એ કહ્યું કે, કોંગ્રેસ દ્વારા જે જાહેરાત કરવામાં આવી છે તેના પર અમે કોઈ ટિપ્પણી કરીએ તે યોગ્ય ન કહેવાય.'થોડા સમય પહેલા પશ્ચિમ બંગાળના માલદામાં એક રેલીને સંબોધતા કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ મુખ્યમંત્રી મમતા બેનર્જી અને લેફ્ટ પાર્ટી પર આકરા પ્રહારો કર્યા હતા.

મોદીજીની સરકાર બનાવો, તમામ ઘૂસણખોરને બહાર તગેડી મૂકીશું: અમિત શાહ

ગૌહાટી

બીજેપી અધ્યક્ષ અમિત શાહે કહ્યું છે કે જો કેન્દ્રમાં પીએમ મોદીની સરકાર બનશે તો આસામથી ઘૂસણખોરોનો સફાયો થઈ જશે. તેઓએ આ વાત આસામના કાલિબોરમાં કહી. તેઓએ એમ પણ કહ્યું કે આસામમમાં બીજેપી અને તેના ઘટક દળોને ૧૪ સીટો પર જીત મળી રહી છે.

નોંધનીય છે કે, આસામમાં ઘૂસણખોરોને બહાર કાઢવાનો મુદ્દો ઘણા દિવસોથી જોર પકડી રહ્યો છે. રેલીને સંબોધિત કરતાં અમિત શાહે કહ્યું કે, તમે ફરી એકવાર મોદીજીની સરકાર બનાવી દો, આસામથી એક-એક ઘૂસણખોરને બહાર કાઢવાનું કામ મોદી સરકાર કરશે. ઘૂસણખોરોની રોકવાનું કામ બીજેપીની સરકારે કર્યું છે. આસામમાં છેલ્લા અનેક વર્ષોથી ગેરકાયદેસર પ્રવાસીઓને લઈને સરકારના વલણથી સ્થાનિક લોકો ખુશ નથી. ગયા વર્ષે આસામમાં નેશનલ રજિસ્ટર ઓફ સિટિઝન (NRC)નો ડ્રાફ્ટ લાવવામાં આવ્યો. તે હેઠળ ૪૦ લાખ લોકોના નામ યાદીમાં નહોતા. તેમાંથી મોટાભાગના લોકો બાંગ્લાદેશી હોવાનું કહેવાય છે. જોકે, સરકારે લોકોને ફરી પોતાનું નામ નોંધાવવા માટે વધુ એક તકી આપી છે.

અમિત શાહે રેલીમાં એમ પણ કહ્યું કે પીએમ મોદીના રાજમાં જ આસામમાં વિકાસના કામ થયા છે. તેઓએ કહ્યું કે, આસામના વિકાસ માટે પાંચ વર્ષમાં ૨ લાખ ૯૪ હજાર કરોડ રૂપિયા આપવાનું કામ મોદીજીની સરકારે કર્યું છે.





ભુજ ખાતે ભાજપ દ્વારા વિજય સંકલ્પ સંમેલન યોજાયું

ગરીબોને માનસિક રકમ જાહેર કરીને રાહુલ ગાંધી મજાકનું પાત્ર બન્યાંઃ શંકર ચૌધરી

ભુજ કચ્છ



ઉપસ્થિત નેતા શંકરભાઈ ચૌધરી,શંભુપ્રસાદ ટુંડીયા,વાસણભાઈ આહિર

ભુજ ખાતે વિજય સંકલ્પ સંમેલન પૂર્વે પત્રકારો સાથે વાતચીતમાં શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે નરેન્દ્રભાઈ મોદીને ગુજરાતની પ્રજાએ ૨૬ માંથી ૨૬ બેઠકો આપવાનો નિર્ણય કરી લીધો છે,કચ્છમાં પણ યુગ પુરુષ તરીકે મોદીજીએ વિકાસની યાત્રાને વણથંભી બનાવી દીધી છે તેની પ્રતીતિ સૌ કોઈને થાય તે સ્વાભાવિક છે. ત્યારે એક એક કચ્છીને પણ એવું લાગે છે કે ફરીવાર નરેન્દ્રભાઈ મોદીને દેશના વડાપ્રધાન પદે બિરાજમાન કરવા માટે કચ્છના ઉમેદવાર વિનોદ ચાવડાને જંગી બહુમતીથી જીતાડીને કેન્દ્રમાં મોકલવાના સંકલ્પ કરવા માટે આજનો દિવસ છે.

આ વખતે લોકસભાની ચૂંટણીમાં મુખ્યત્વે વિકાસના મુદ્દે તો લડશે સાથોસાથ ખાસ કરીને હિન્દુસ્તાનનું ગૌરવ,સ્વાભિમાન જગાડવાનો કામ જે રીતે મોદીજીએ કર્યું,એટલું જ નહી દેશની સીમા સુરક્ષિત બની છે, તો ભારત દેશનું નામ સમગ્ર દુનિયામાં આગવું કર્યું છે, ત્યારે આગામી દિવસોમાં દેશને શક્તિશાળી દેશ બનાવવા માટે આગળ વધવામાં આવશે તેમ જણાવ્યું હતું.

અંતમાં તેમણે જણાવ્યું હતું કે કોંગ્રેસ અત્યારે મેદાનમાં નથી, ઉત્તર પ્રદેશમાં તો બે આંકડાની સીટ પર લડી ન શકે તેવી હાલતમાં છે,તો માયાવતી અને મુલાયમને દાનમાં આપેલી સીટો પર લડવું પડે તેવી સ્થિતિ છે,તો બિહાર જેવા રાજ્ય કે જ્યાંથી કેન્દ્રની સરકાર બનતી હોય છે, ત્યારે કોંગ્રેસ કોઈપણ રાજ્યમાં મેદાનમાં નથી એટલે તે ભાજપ માટે પડકાર બનશે તેવી એક પણ જગ્યાએ તેઓ સ્થિતિમાં જ નથી.

કોંગ્રેસના રાહુલ ગાંધીએ જે રીતે ગરીબોને માનસિક રકમ આપવાની વાત કરી છે,તેને કારણે સૌ કોઈને આશ્ચર્ય તો થાય જ છે. પરંતુ આવી જાહેરાત કરીને તેઓ દેશભરમાં મજાકનું પાત્ર બની ગયા હોવાનું ભુજ ખાતે વિજય સંકલ્પ સંમેલનમાં હાજરી આપવા આવેલા શંકરભાઈ ચૌધરીએ પત્રકારો સાથે વાતચીતમાં જણાવ્યું હતું.

વિજય સંકલ્પ સંમેલનમાં શંકરભાઈ ચૌધરી ,શંભુપ્રસાદ ટુંડિયા ,રાજ્યમંત્રી વાસણભાઈ આહિર ,કેશુભાઈ પટેલ,ઉમેદવાર વિનોદભાઈ ચાવડા,લક્ષ્મણ સિંહ સોઢા,પૂર્વ રાજ્યમંત્રી તારાચંદભાઈ છેડા,ડો. નિમાબેન આચાર્ય, માલતીબેન મહેશ્વરી ,વિરેન્દ્રસિંહ જાડેજા સહિતના હોદેદારો સાથે ભાજપના વિવિધ પાંખ અને સેલના હોદેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

હળવદમાં દીવાલ ધસી પડતા વૃદ્ધનું મોત



હળવદ ના વેગડવા રોડ પર આવેલ સ્વીમીંગ પુલ નુ કામ ચાલુ હતુ તે દરમિયાન અચાનક દીવાલ ધસી પડતા કામ કરતા આધેડ નુ ઘટના સ્થળે મોત નીપજયું હતુ ,હળવદમાં સ્વીમીંગ પુલના કામ દરમ્યાન દીવાલ ધસી પડતા વૃદ્ધનું મોત નીપજયું હતું.આ બનાવની હળવદ પોલીસ પ્રાપ્ત માહિતી અનુસાર હળવદના નવા બસ સ્ટેન્ડ પાછળ રહેતા બાબુભાઈ મનજીભાઈ રાઠોડ ઉ.વ.૬૨ નામના વૃધ્ધ ગઈકાલે હળવદના વેગડવાવ રોડ પર આવેલ મજનુંભાઈની વાડીએ સ્વીમીંગ પુલમાં ટાઈલ્સ લગાવવાનું કામ કરી રહ્યા હતા. તે દરમિયાન અચાનક દીવાલ ધસી પડતા વૃદ્ધનું મોત નીપજયું હતું.હળવદ પોલીસે આ બનાવની નોંધ કરીને આગળની તપાસ હાથ ધરી છે.કેશુભાઈ બાવળીયા, સંજયભાઈ ઘટના સ્થળે દોડી આવ્યા હતા, હળવદ મામલતદાર સહીતનો સ્ટાફ ઘટનાસ્થળે પહોચી ગયો હતો,

ભુજ ખાતે આકાશવાણી કેન્દ્રમાં લોકસભા ચુંટણી માટે વર્કશોપ યોજાઈ

ભુજ કચ્છઃ ભુજ ખાતે આકાશવાણી કેન્દ્રમાં લોકસભા ચૂંટણી સંદર્ભે મહત્વની વર્કશોપ યોજાઈ ગઈ,જેમાં આદર્શ આચારસંહિતાનો અમલ વિવેકબુદ્ધિ વડે કરવા ઉપર ભાર મુકવામાં આવ્યો હતો.સમાચાર બુલેટીન તથા અન્ય કાર્યક્રમોના નિર્માણ સાથે સંકળાયેલા સ્ટાફને આચાર સંહિતાની બારીકાઈથી વાકેફ કરવા માટે વર્કશોપ યોજાઈ હતી. સમાચાર વિભાગના વડા અને ડેપ્યુટી ડાયરેક્ટર જગદીશ પાટડીયાએ પ્રસંગે કહ્યું હતું કે સમાચાર બુલેટીનમાં તમામ રાજકીય પક્ષને યોગ્ય સ્થાન મળે તેવું સંતુલન જાળવવાનું છે. મતદાર જાગૃતિ માટે ખાસ મહેનત કરી પબ્લિક બ્રોડકાસ્ટર તરીકેની ફરજ અદા કરવા તેમણે સૌને કહ્યું હતું.

આકાશવાણી કેન્દ્રના વડા મીરા સૌરભે ચુંટણીલક્ષી કામગીરીના પોતાના અનુભવનો લાભ સૌને આપી માર્ગદર્શન કર્યું હતું. કાર્યક્રમ વિભાગનો હવાલો સંભાળતા જયેશ રાવલે લોકસભા ચુંટણી માટે શરૂ કરાયેલા કાર્યક્રમોની રૂપરેખા આ પ્રસંગે આપી હતી. માહિતી ખાતાના સીનીઅર સબ એડિટર ઘનશ્યામ પેડવા દ્વારા ચૂંટણી પંચના આદેશ પ્રમાણે પેઈડ ન્યુઝ ઉપર નજર રાખવાની કામગીરી વિશે છણાવટ કરાઈ હતી.

આકાશવાણી કાર્યક્રમોનું શ્રવણ ઠેરઠેર વધે તેવા પ્રયતોની ચર્ચા પણ આ વર્કશોપમાં થઈ હતી.×ઓલ ઈન્ડિયા રેડિયો લાઈવ× જેવી એપ ડાઉનલોડ કરી સ્માર્ટફોન દ્વારા પ્રસારણ સાંભળવાની વાત વધુને વધુ લોકો સુધી પહોચાડવા સૌ સહમત થયા હતા.

જનાદેશનો મિજાજ વ્યક્ત થાય તેવા કાર્યક્રમો રજુ કરવાનું લોકસભાની તમામ ૨૬ બેઠકની તાસીર રજુ કરતી માહિતી પણ તમામ બુલેટીનમાં વણી લેવાનું નક્કી કર્યું છે.



ચૂંટણીનો માહોલની શરૂઆત થઈ ગઈ છે ત્યારે ભાવનગર શહેરના કાળીયાબીડ વિસ્તારમાં 'મેં ભી ચોકીદાર રસ ડેપો' એક નાગરિક દ્વારા શરૂ કરવામાં આવ્યો છે.

કોસાડ આવાસમાં દુકાનોમાંથી ગેરકાયદે કબજો ખાલી કરાવાયો

૩૫ દુકાનોને સીલ મારવામાં આવ્યા

સુરત

સુરત મહાનગર પાલિકાનાં નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં કોસાડ આવાસ ખાતે એચ-૨ પેકેજમાં આવેલ કોસાડ આવાસ શોપીંગ સેન્ટરની દુકાનોમાં અસામાજિક ઈસમો દ્વારા ગેરકાયદેસર કબજો કરેલ હોવાનું ધ્યાને આવતા તા.૨૭ના રોજ નોર્થ ઝોન કચેરીનાં વિભાગીય વડા એડી.સીટી. ઈજનેર આસી. મ્યુનિસિપલ કમિશ્નર તેમજ કાર્યપાલક ઈજનેરની સીધી સૂચના હેઠળ સદર શોપીંગ સેન્ટરની કુલ ૪૪ દુકાનો પૈકી કુલ ૩૫ દુકાનોમાંથી ગેરકાયદેસર કબજો દૂર કરી સીલ મારવાની કામગીરી અત્રેનાં ઝોનનાં જમીન મિલ્કત તેમજ દબાણ વિભાગના ડે.ઈજનેરો, જુની. ઈજનેર, ક્લાર્ક પટાવાળા તથા બેલદારો દ્વારા હાથ કરવામાં આવેલ છે.

સદર કામગીરી દરમિયાન સ્થળ પર અજાણ્યા માથાભારે ઈસમો દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્શિત કરી કામગીરી અટકાવવાનો પ્રયાસ કરવામાં આવેલ. પરંતુ સ્થળ પર અમરોલી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ તેમજ પોલીસ સ્ટાફ અને સુરત મહાનગરપાલિકાનાં વોચ એન્ડ વોર્ડ વિભાગનાં સીક્યુરિટી ગાર્ડ/માર્શલની મદદથી સ્થળ પર ઘર્ષણ દુર કરી કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

દિવાલો પર ચિત્રો પણ દોરી શકાશે નહીં

સુરત

લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯ને અનુલક્ષીને અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી એસ.ડી.વસાવાએ એક જાહેરનામું પ્રસિધ્ધ કર્યું છે.

જાહેરનામાં અનુસાર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ રાજકીય પક્ષ અથવા લોકસભાની ચુંટણીના ઉમેદવાર દ્વારા અથવા આવા ઉમેદવાર માટે કોઈ મંડળ, સંગઠન અથવા વ્યકિત દ્વારા રાજય સરકાર, મહાનગર પાલિકા, નગરપાલિકાઓ અથવા બોર્ડ, નિગમો, પંચાયતોના રસ્તાઓ, માર્ગો, મકાનો અથવા તેઓના હસ્તકની જગ્યાઓ ઉપર કોઈ પણ રાજકીય પક્ષ અથવા ચુંટણીના ઉમેદવાર દ્વારા સમાચાર, બોર્ડ અથવા જાહેર નોટીસ ન હોય એવા કોઈ પણ પ્રકારના કટ આઉટ જાહેરાત પાટીયા, પોસ્ટર, ધજા, પતાકા, બેનર્સ મુકી શકશે નહી. સાથે આ દિવાલો પર ચિત્રો દોરાવી શકશે નહી કે કમાનો દરવાજા વિગેરે ઉભા કરી શકશે નહી.

કોઈપણ રાજકીય પક્ષ અથવા ઉમેદવાર દ્વારા આવા ઉમેદવાર માટે કોઈ મંડળ, સંગઠન અથવા વ્યકિતઓ દ્વારા કોઈ પણ ખાનગી મિલકત ઉપર રાજકીય નેતાઓના કટઆઉટ, જાહેરાતના પાટિયા, બેનર્સ વગેરે તે જગ્યાના માલિકની પૂર્વ મંજુરી વગર મુકી શકાશે નહી. આ જાહેરનામું તા.૨૭/૦૫/૨૦૧૯ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર સાથે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

ફેસબુકે કાશ્મીરને અલગ દેશ તરીકે દર્શાવ્યો, બાદમાં માફી માંગી સુધારો કર્યો

સાન ફ્રાન્સિસ્કો

ફેસબુકે એક બ્લોગ પોસ્ટમાં કાશ્મીરને ભૂલથી અલગ દેશ તરીકે દર્શાવ્યો હતો. જો કે, બાદમાં ભૂલ સમજાતા માફી માંગી સુધારો કરી લીધો હતો.

હકીકતમાં સોશિયલ મીડિયાની પ્રખ્યાત કંપની ફેસબુકે આ અંગે કહ્યું હતું કે, અમે ભૂલથી બ્લોગ પોસ્ટમાં કાશ્મીરને અલગ દેશ તરીકે દર્શાવ્યો હતો. ફેસબુકે કહ્યું હતું કે, ઈરાની નેટવર્કના કારણે આવું બન્યું હતું.ફેસબુકે વધુમાં જણાવ્યું કે, જવાબદાર લોકએ પોતાની ઓળખ છૂપાવાની કોશિશ કરી હતી પણ અમે તેનું પગેરુ શોધી લીધું છે. જાણવા મળ્યું છે કે, ઈરાની નેટવર્ક દ્વારા આવું બન્યું હતું.

બેંક ક્લીયરન્સ સુધી તિજોરી કચેરી ખુલ્લી રાખવામાં આવશે

વલસાડ

ગુજરાત તિજોરી નિયમો-૨૦૦૦ના નિયમ-૩૦૫થી મળેલી સત્તાની રૂએ જિલ્લા કલેક્ટર સી.આર.ખરસાણે વલસાડ જિલ્લાની તિજોરી અને પેટા તિજોરી કચેરી તથા જિલ્લામાં આવેલી ભારતીય સ્ટેટ બેંક અને બેંક ઓફ બરોડાની તમામ શાખાઓ તથા ચેકોની લેવડદેવડ કરતી સંબંધિત બેંકો તા.૩૦/૩/૨૦૧૯ને શનિવારના રોજ સરકારી બીલો અને હાઈવેલ્યુના ચેકોનું ક્લીયરન્સ તથા સંપૂર્ણ પેમેન્ટ પૂર્ણ ન થાય ત્યાં સુધી ખુલ્લી રાખવા જણાવ્યું છે.

સુરત શહેરમાં જુદા જુદા ત્રણ સ્થળે ચોરીમાં ૩.૮૫ લાખની મતાની ચોરી

મહિધરપુરાની ઓફિસમાં આવેલા મુંગા વ્યક્તિએ રૂા.બે લાખના હીરા તફડાવી લીધા

સુરત

શહેરમાં ચોરીના બનેલા ત્રણ બનાવમાં રૂા.૩.૮૫ લાખની મતા ચોરાઈ હતી.

વરાછા જગદીશનગર રિદ્ધિ ફેશન નામના એમ્બ્રોડરી કારખાનામાંથી અજાણ્યા વ્યક્તિએ મધર બોર્ડ, ડ્રાઈવર બોક્ષ, ડિવાઈઝ કાર્ડ મળી કુલ રૂા.૧.૩૫ લાખની મતા ચોરી કરી ગયા હતા. કારખાના માલિક શૈલેષ પાંચાભાઈ વળીયાએ વરાછા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી.

મહિધરપુરા જદાખાડી હિન્દુસ્તાન ડાયમંડ સેન્ટરમાં આપેલ રોનક જેમ્સ નામની ઓફિસમાં આવેલા મુંગા વ્યક્તિએ ફાઈલ અને કાગળોની આડસમાં રૂપિયા બે લાખના હીરા તફડાવી લીધા બાદ સહાય માટે પૈસાની માંગણી કરી ચાલ્યો ગયો હતો. ઓફિસના માલિક રોનક ધીરજ વોહેરાએ મહિધરપુરા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી.

ત્રીજા બનાવમાં નાનપુરા ઋષિકેશ ત્રિવેણી એપાર્ટમેન્ટના ગેટ પાસે વેપારી અનિલભાઈ હીરાલાલ શાહની બેગ અજાણ્યો વ્યક્તિ તફડાવી ગયો હતો. આ બેગમાં રોકડા રૂપિયા ૫૦ હજાર તથા ચેકબુક, એલઆઈસીની રસીદો હતી. અઠવા પોલીસ સ્ટેશને અનિલભાઈ શાહે અજાણ્યા વ્યક્તિ સામે ફરિયાદ નોંધાવી હતી.

૩૦ માર્ચે સવારે ૮.૩૦ વાગ્યે રોડ શોની શરૂઆત, ૧૭ જ્ઞાતિઓ સ્વાગત કરશે

ભાજપે અમિત શાહના રોડ શો અને સ્વાગત રૂટનો કાર્યક્રમ જાહેર કર્યો

ગાંધીનગર

ગાંધીનગર લોકસભા બેઠક માટે અમિત શાહની ઉમેદવારીને લઈ ગુજરાત ભાજપે રોડ શો અને સ્વાગત રૂટનો કાર્યક્રમ જાહેર કર્યો છે. આ રોડ શો ૧૮ વિધાનસભામાંથી પસાર થશે. માત્ર એટલું જ નહીં, આ દરમિયાન બે પટેલ સમાજ સહિત ૧૮ સમાજ(૧૭ જ્ઞાતિઓ) અમિત શાહનું સ્વાગત કરશે. આ ૧૮ જ્ઞાતિઓમાં ઠાકોર સમાજ, ધોબી સમાજ, જૈન સમાજ, વાણંદ સમાજ, દરજી સમાજ,પટેલ સમાજ(દરિયાપુર વિધાનસભા), ગૌસ્વામી સમાજ, મોચી સમાજ, રાજસ્થાની સમાજ, ભરવાડ સમાજ, નાયક સમાજ, પ્રજાપતિ સમાજ, પંચાલ સમાજ, કડિયા સમાજ, દેવી પૂજક સમાજ, સુથાર-મિસ્ત્રી સમાજ, રબારી સમાજ અને પટેલ સમાજ(કલોલ વિધાનસભા)નો સમાવેશ થાય છે. આ સિવાય ધાર્મિક સંસ્થા બ્રહ્માકુમારી પણ તેમાં સામેલ થશે.

આ રોડ શો નારણપુરા, વેજલપુર, સાણંદ, અમરાઈ વાડી, મણિનગર, દાણીલીમડા, એલિસબ્રિજ, વટવા, દરિયાપુર, નિકોલ, અસારવા, નરોડા, ખાડિયા, બાપુનગર, સાબરમતી, દસક્રોઈ, ઘાટલોડીયા અને કલોલ સહિત ૧૮ વિધાનસભા વિસ્તારમાંથી પસાર થશે.શાહના રોડ શોની શરૂઆત ૩૦ માર્ચના રોજ સવાર ૮.૩૦ વાગ્યે નારણપુરામાં આવેલું સરદાર પટેલનું બાવલું-૧થી શરૂ થઈને કલોલ વિધાનસભાના પાટીદાર ચોકમાં પુરો થશે.

જ્ઞાન મંજરી વિદ્યાપીઠ શાળા દ્વારા વાલી મહિલાઓ માટે કાર્યક્રમ

લાઈફ ઓરીએન્ટેસન પ્રોગ્રામ ફોર મોમ્સનું આયોજન

સુરત

શાળા દ્વારા માતાઓ માટે છ દિવસનાં "લાઈફ ઓરિએન્ટેશન પ્રોગ્રામ ફોર મોમ્સ" કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે જેમાં માતાઓ માટે બ્યુટી ટીપ્સ, પર્સનાલીટી ડેવલોપમેન્ટ, રસોઈ કલા,ફેશન શો,વેસ્ટમાંથી બેસ્ટ જેવી અલગ અલગ એક્ટીવીટીઓ રાખવામાં આવી છે જેમાં ૧૦૦ થી વધારે માતાઓ રોજેરોજ ભાગ લઈ આ આયોજનને સફળ બનાવી રહ્યા છે આ સાથે શાળા દ્વારા કાર્યક્રમના અંતે મનોરંજક રમતો પણ રાખવામાં આવી છે સમગ્ર કાર્યક્રમના અંતે અગર ક્રમ પ્રાપ્ત કરનાર માતાઓને વીસ કરતા વધારે ઈનામો આપી બિરદાવવામાં આવનાર છે.

આ સુંદર કાર્યક્રમનાં આયોજનમાં શાળાના જાગૃત માતા-વાલીઓ તેમજ સારસ્વત બહેનોએ ખાસ મહત્વની ભૂમિકા અદા કરી આ આયોજનને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.આ કાર્યક્રમ તા-૩૦/૦૩/૨૦૧૯ ને શનિવાર સુધી ચાલતો રહેશે.



લોડ બુધ્ધા મેત્તા ચેરીટેબલ ટ્રસ્ટ તથા ભગવાન ગૌતમ બુધ્ધ રાષ્ટ્રીય સાંસ્કૃતિક અને શૈક્ષણિક ટ્રસ્ટ ઉપરાંત આંબેડકરી બૌધ્ધ સમાજ સુરત દ્વારા થાઈલેન્ડથી વિદ્યા અભ્યાસ ગૃહણ કરી સુરત પધારેલા પૂજ્ય ભંતે સુચિતિ સ્સાજીનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને આ પ્રસંગે વિશ્વશાંતિ દૂત મહાબોધી બુધ્ધ વિહાર શાંતિનગર, નિલગીરી ખાતે ભવ્ય ખીરદાનનો કાર્યક્રમ પણ આયોજિત કરવામાં આવ્યો હતો.



ઉનાળાની શરઆત થતા જ દક્ષિણ ગુજરાતમાં તાપમાનનો પારો લગભગ ૪૦ ડીગ્રી સુધી પહોંચી જતા કાળઝાળ ગરમી પડી રહી છે. સુરત મહાનગરપાલિકાના સરથાણા સ્થિત પ્રાણી સંગ્રહાલયમાં આકરી ગરમીથી બચવા માટે પ્રાણીઓ માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. ગરમીથી બચવા વાઘ અને રીંછ ઠંડા પાણીમાં બેસી ગયા હોવાનું આ તસ્વીરો દર્શાવે છે.

પ્રથમ દિવસે જ ફિયાસ્કો..!! લોકસભા બેઠક માટે એક પણ ફોર્મ ન ભરાયું

બારડોલી

આગામી ૨૩મી, એપ્રિલે યોજાનારી લોકસભાની સામાન્ય ચૂંટણીના ફોર્મ ૨૮મી, માર્ચના રોજથી ભરવા માટે ચૂંટણી અધિકારી દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું. ૨૩-બારડોલી લોકસભા સંસદીય મતવિસ્તારની ચૂંટણી માટે ફોર્મ ભરવાના પ્રથમ દિવસે એક પણ ફોર્મ ભરાયું ન હતું. ચૂંટણી તંત્ર દ્વારા સાત ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું હતું.

૨૩-બારડોલી લોકસભાના ચૂંટણી અધિકારી આર.એસ.નિનામા તરફથી મળતી વિગતો અનુસાર લોકસભાની સામાન્ય ચૂંટણીના ફોર્મ ભરવાના પ્રથમ દિવસે ૨૩-બારડોલી લોકસભા બેઠક માટે એક પણ ફોર્મ ભરાયું ન હોવાનું જણાવાયું છે. જયારે સાત જેટલા ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું હોવાનું જણાવાયું છે. ૨૩-બારડોલી લોકસભા બેઠક માટે ફોર્મ ભરવાના પ્રથમ દિવસે ૨ અપક્ષ, ૨ ભારતીય ટ્રાયબલ પાર્ટી, ૧ સરદાર વલ્લભભાઈ પટેલ પાર્ટી, ૧ ભીલીસ્થાન લાયન સેના અને ૧ બહુજન રિપબ્લિકન સોશીયાલિસ્ટ પાર્ટી મળી કુલ ૭ ફોર્મનું વિતરણ ચૂંટણી અધિકારીની કચેરીમાંથી કરવામાં આવ્યું હોવાનું ચૂંટણી અધિકારી તરફથી જણાવાયું છે.

મહેમાનોને બહાર પાર્કિંગ કરવા બદલ ૧૦૦થી વધુ સોસાયટીને નોટીસ

સુરત

કાયદાકીય જોગવાઇ મુજબ કોઈ પણ સોસાયટીના સંચાલકો મહેમાનોએ પોતાનાં વાહનો બહાર પાર્ક કરવા તેવાં બોર્ડ લગાવી શકે નહીં. આમ છતાં શહેરના વિવિધ વિસ્તારોમાં આવાં બોર્ડ કેટલીક સોસાયટી બહાર લગાડાયાં છે આ વાતને ધ્યાને લઈ શહેર ટ્રાફિક પોલીસે ખાસ ઝુંબેશ હાથ ધરી છે. આવી સોસાયટીઓ શોધી બોર્ડ દૂર કરાવ્યાં હતાં અને નોટીસ આપી હતી. આ રીતે શહેરભરની ૧૦૮ જેટલી સોસાયટીમાંથી બોર્ડ દૂર કરાવી નોટીસ આપવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. તાજેતરમાં પોલીસ કમિશનરની અધ્યક્ષતામાં મળેલી માર્ગ સલામતી કમિટીની બેઠકમાં આ પ્રશ્ન ચર્ચાયો હતો. પરિણામે પોલીસ કમિશનર સતીશ શર્માએ આકરું વલણ અપનાવી આવાં બોર્ડ દૂર કરવા ટ્રાફિક પોલીસને આદેશ કર્યો હતો. જેના આધારે ટ્રાફિક પોલીસની અલગ અલગ ટીમ કામે લાગી હતી અને શહેરભરમાં આવી સોસાયટીઓ શોધવા લાગી હતી. દરમિયાન આવી કુલ ૧૦૮ સોસાયટી ટ્રાફિક પોલીસને મળી હતી. જે તમામ જગ્યાએથી બોર્ડ દૂર કરાવ્યા હતા. અને તમામ સોસાયટીઓને નોટીસ આપવામાં આવી હતી. હજુ પણ પોલીસ આ કામગીરી ચાલું રાખશે. અને જો હવે કોઈ આવા બાર્ડ લગાવશે તો કાયદેસરની કતાર્યવાહી કરવામાં આવશે.

માર્કેટ નજીક યુવકના મોબાઈલની ચીલ ઝડપ

સુરત

સલાબતપુરા હરીહંત માર્કેટ પાસેથી પસાર થતા એક રાહદારી યુવકના મોબાઈલ ફોનની ચીલ ઝડપ કરી એક્ટીવા પર આવેલા અજાણ્યા યુવકો ફરાર થઈ ગયા હોવાનો બનાવ સલાબતપુરા પોલીસ મથકે નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર સલાબતપુરા ઉમરવાડા વિસ્તારમાં ફિરોઝ મોહમંદ શેખ રહે છે ગત રાત્રે સાડા નવ વાગ્યાના સુમારે તેઓ સલાબતપુરા સાંઈઘાટી હાઉસ હરીહંત માર્કેટ પાસેથી પસાર થતા હતા ત્યારે એક્ટીવા બાઈક પર આવેલા બે અજાણ્યા ઈસમોએ તેમના હાથમાંથી રૂા. ૮ હજારની કિંમતનો મોબાઈલ ફોનની ચીલઝડપ કરી ફરાર થઈ ગયા હતા. પોલીસે આઈપીસી-૩૫૬, ૩૭૯ તથા ૧૧૪ મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. સલબાતપુરા પોલીસે ગુનાવાળી જગ્યાનું નિરિક્ષણ પણ કર્યુ હતું.

સુરત આરટીઓમાં બોગસ લાયસન્સ કૌભાંડમાં સાઈબર ક્રાઈમ સેલની તપાસ

૫૮ બોગસ લાયસન્સ અંગે ઈન્ચાર્જ આરટીઓ પાર્થ જોષીએ ગુનો દાખલ કરાવતા પોલીસ તપાસ શરૂ

સુરત

આરટીઓ બોગસ લાયસન્સ કૌભાંડમાં આખરે ઈન્ચાર્જ આરટીઓ પાર્થ જોષીએ અડાજણ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી. આ સંદર્ભે ક્રાઈમ બ્રાન્ચની સાયબર સેલને તપાસ સોંપાઈ હતી. સાયબર ક્રાઈમ સેલે ઈપીકો કલમ ૪૦૬, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૧૨૦ બી, આઈટી એક્ટ કલમ ૬૬, ૬૬ (ડી) મુજબ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ઈન્ચાર્જ આરટીઓ પાર્થ જોષીએ આપેલી ફરિયાદ મુજબ કુલ ૫૮ વ્યક્તિઓ બોગસ લાયસન્સ ઈસ્યુ થયા હતા. અજાણ્યા વ્યક્તિઓએ આરટીઓ કચેરીમાં રજીસ્ટ્રેશનની પ્રક્રિયા કર્યા વગર ઓટોમેટિક ડ્રાઈવિંગ ટેસ્ટ આપ્યા વગર આરટીઓની કોમ્પ્યુટર સિસ્ટમમાં ચેડા કરી બારોબાર લાયસન્સ શાખા (સારથી શાખા)માં ઉમેદવાર પાસ થયાની ડેટા એન્ટ્રી કરી ગુનાહિત કામ કર્યુ હતું.

ક્રાઈમ બ્રાન્ચના સાયબર સેલે તપાસ હાથ ધરી છે. આ બોગસ લાયસન્સ પ્રકરણમાં આરટીઓના ભ્રષ્ટાચારીઓ સંડોવાયેલા છે કે કેમ ય તેની પણ તપાસ કરવામાં આવશે.

પાંડેસરાથી નરેન્દ્રપ્રતાપ રાજપૂત ગુમ થયા

સુરત

પોલીસ કમિશનરશ્રીની કચેરી, ડીસીબી પોલીસના જણાવ્યા અનુસાર તા.૧૭/૦૩/૨૦૧૯ ના રોજ પ્લોટ નં.૧૯૮, અંબિકાનિકેતન સોસાયટી, ગુજરાત હાઉસિંગ બોર્ડ પાંડેસરા ખાતે રહેતા ૧૪ વર્ષીય નરેન્દ્રપ્રતાપ સૂર્યપ્રતાપ સિંગ રાજપૂત ગુમ થયા છે. તેઓ શરીરે પાતળા બાંધાના, રંગે શ્યામ વર્ણ અને ઉંચાઈ ૪.૫ ફુટ છે. તેમણે શરીરે બ્લુ કલરનું આખી બાંયનું શર્ટ તથા લીલા કલરનું નાઈટ પેન્ટ પહેરેલ છે. જે કોઈને ભાળ મળે તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા પાંડેસરા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

સુરતમાં રક્તની અછત હોય રક્તદાન કેમ્પ યોજવા રક્તદાન કેન્દ્રની અપીલ

દર વર્ષે વેકેશન તથા ઉનાળામાં રક્તની અછત ઉદ્ભભવે છે

સુરત

સુરત રક્તદાન કેન્દ્ર અને રિસર્ચ સેન્ટરના જનસંપર્ક અધિકારી નિતેષ મહેતા તેમની એક યાદી દ્વારા જણાવેલ છે કે પ્રતિવર્ષ એપ્રિલ-મે-જૂન મહિનાના વેકેશન તેમજ ઉનાળાની મોસમને પરિણામે શહેરના સ્વૈચ્છિક રક્તદાન શિબિરોનાં આયોજનો ઓછા પ્રમાણમાં થતાં હોય છે. તેમ છતાં શહેરના વિવિધ મંડળો, સંસ્થાઓ વિ. આ સમયગાળા દરમિયાન અમારી વિનંતીને માન આપીને રક્તદાન શિબિરોનાં આયોજનો ગોઠવી માનવસેવાનાં આ યજ્ઞમાં પોતાનો અમૂલ્ય સહયોગ આપી રહ્યા છે જે બદલ અમો શહેરનાં શિબિર આયોજકો તેમજ સ્વૈચ્છિક રક્તદાતાઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ.

શહેરની વધતી જતી વસ્તીને પરિણામે વિવિધ માંદગીઓમાં પણ દિન-પ્રતિદિન વધારો થતો જેવા મળી રહ્યો છે પરિણામે રક્તની જરૂરીયાતવાળા દર્દીઓની સંખ્યામાં પણ વધારો થતો જોવા મળે છે. આવા દર્દીઓને સમયસર રક્ત મળી રહે તે હેતુસર આગામી એપ્રિલ-મે અને જૂન માસ દરમિયાન રક્તની અછત નહિં સર્જાય અને રક્તની જરૂરિયાતવાળા દર્દીઓને સરળતાથી રક્ત મળી રહે તે હેતુસર અત્રેથી શહેરનાં સામાજિક સંગઠનો, મંડળો વિ.ને અગાઉથી સ્વૈચ્છિક રક્તદાન શિબિરોમાં આયોજનો ગોઠવવા માટે નમ્ર અપીલ કરવામાં આવે છે.

હોમગાર્ડ પ્લાટુન કમાન્ડર તરીકે મિઠારને બઢતી

સુરત

એ-ઝોન સુરત શહેર હોમગાર્ડઝ યુનિટ ખાતે કંપની ક્વાર્ટર્સ માસ્ટર દિપકકુમાર કાનજીભાઈ મિઠાર લાંબા સમયથી હોમગાર્ડઝ ફરજો બજાવતા આવેલ છે.

તાજેતરમાં કમાન્ડર જનરલ ગુ.રા. અમદાવાદ દ્વારા લેવાયેલ પ્લાટુન કમાન્ડર રેન્કની પરીક્ષામાં રાજ્ય કક્ષાએ સફળ થતા તેઓને સુરત શહેર હોમગાર્ડ કમાન્ડર તરીકે ૧-૩-૨૦૧૯ના રોજ બઢતી મળેલ છે.

જેઓનુંતા.૧૦-૦૩-૨૦૧૯ના રવિવાર દિને સુરત શહેરના હોમગાર્ડઝ જવાનો તથા જિલ્લા પદાધિકારીઓએ સહર્ષ વધાવીને તેમને પુષ્પગુચ્છથી બહુમાન કરવામાં આવ્યું હતું. અને અભિનંદન પાઠવ્યા હતા.

‘પાણીનાં બિલો રદ નહીં થાય તો ચૂંટણી બહિષ્કાર’નાં બેનરો લાગ્યા

સુરત

પાણીનાં બિલો રદ નહીં થાય તો ચૂંટણીનો બહિષ્કાર કરવાના બેનર મોટા વરાછાની કેટલીક સોસાયટીમાં લાગ્યા છે. મીટર આધારિત પાણી પ્રથામાં ૨૦૧૭માં નવી નીતિ અમલમાં મુકાયા બાદ પાણીનાં બિલોમાં ૬૦ટકાથી વધુની રાહત થઈ છે. જોકે, તે પહેલાના બિલો હજી પડતર હોવાથી તેને રદ કરવાની માંગણી ઉઠી છે.

કોંગ્રેસના સ્થાનિક કોર્પોરેટર દેવરાજ ગોપાણીએ આ મુદ્દે આંદોલન ચલાવ્યું હતું. ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને ભાજપ શાસકોએ મીટર આધારિત પાણી પુરવઠાના દરોમાં તોતિંગ ઘટાડો કર્યો હતો.

આ ઘટાડા બાદ ૨૪ કલાક પાણી પુરવઠો યોજના અમલી છે. ત્યાં પાણીના બીલોમાં મોટો ઘટાડો નોંધાયો છે. મોટા વરાછા, અમરોલી, સહિતના વિસ્તારોમાં હજી બે વર્ષ જૂના પાણીનાં બિલો ભરપાઈ થયા નથી. પાલિકાએ વ્યાજ સાથે વસૂલાત કાઢી છે જે બે વર્ષથી પડતર છે.

મોટા વરાછાની કેટલીક સોસાયટીઓમાં પાણીના બે વર્ષ જૂનાં બિલો રદ નહીં થાય તો લોકસભા ચૂંટણીનો બહિષ્કાર કરવાના બેનર લગાડવામાં આવ્યા છે. મતની ભીખ માંગવા કોઈએ આવવું નહીં અને જો કોઈ આવશે તો જોડાનો હાર પહેરાવવામાં આવશે તેવી ચેતવણી આપવામાં આવી છે.

ચૂંટણી લડતા ઉમેદવારોએ આચાર સંહિતાનું ચુસ્ત પાલન કરવું

સુરત

આગામી લોકસભાની ચૂંટણી દરમિયાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે, ચૂંટણી મુકત અને ન્યાયી વાતાવરણમાં થાય તે જરૂરી છે. જે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી એસ.ડી.વસાવાએ આગામી તા.૨૭ મે સુધી સુરત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ત્રણથી વધુ વાહનોના કાફલા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. લોકસભા ચૂંટણીમાં ઉમેદવારો અને રાજકીય પક્ષો તરફથી ચૂંટણી પ્રચારમાં વાહનોનો ઉપયોગ થનાર છે. જેને અનુલક્ષીને કોઈપણ રાજકીય પક્ષો કે ઉમેદવાર કે તેના ચૂંટણી એજન્ટ કે કાર્યકર, સમર્થક દ્વારા ચૂંટણી પ્રચાર માટે પરવાનગી મેળવી માત્ર બેચક્કી/ત્રણ ચક્કી/ચાર ચક્કી વાહનો ટ્રક, ટેમ્પો, કાર,ટેક્ષી, વાન, ત્રણ પૈડાંવાળા વાહનો, સ્કૂટરો, રિક્ષા મિની બસ, ટ્રેલર કે તે વિનાનું ટ્રેક્ટર, સ્ટેશન વેગન તેમજ યાંત્રિક શક્તિથી ચાલતા અન્ય વાહનોનો ઉપયોગ કરી શકશે. પરંતુ શહેરના રસ્તાઓ પર એકસાથે ત્રણથી વધુ વાહનો કાફલામાં સાથે જઈ શકાશે નહી. જો કોઈ કિસ્સામાં ત્રણથી વધુ વાહનો હોય તો તેને ત્રણ વાહનોથી વધુ ન થાય તે રીતે ભાગ પાડી અલગ કરવાના રહેશે. આવા ભાગ પાડેલા કાફલા વચ્ચે પણ ઓછામાં ઓછું ૨૦૦ મીટરનું અંતર રાખવાનું રહેશે. જે રાજકીય નેતાઓને લોક પ્રતિનિધિત્વ ધારા-૧૯૫૧ની કલમ-૭૭(૧) હેઠળ મુક્તિ મળી હોઈ તેઓને આ પ્રતિબંધ લાગુ પડશે નહી.

જોબવર્ક માટે લીધેલો ૨૦ લાખનો માલ લઈ એમ્બ્રોયડરી કારખાનેદાર છુમંતર

છેતરપિંડી કરનારે કારખાનું પણ બંધ કરી દીધું

સુરત

એમ્બ્રોયડરી વર્ક કરવા માટે રૂપિયા ૨૦ લાખની કિંમતના શુટ-ડ્રેસ મટીરિયલ્સ લઈ જઈ પરત કરવાને બદલે વેપારીને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

ખટોદરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ભટાર રોડ મંગલદીપ એપાર્ટમેન્ટમાં રહેતાં વેપારી અશોક મોહનલાલ કોઠારીએ આરોપી પટેલ હિમાંશુ મગનભાી (દેવ ક્રિએશન ગઢપુર ટાઉનશીપ કઠોદરા, કામરેજ) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપી હિમાંશુ પટેલ ફરિયાદી પાસેથી એમ્બ્રોયડરી વર્ક કરવા માટે રૂપિયા ૨૦ લાખનું શૂટ મટીરિયલ્સ લઈ ગયા બાદ માલ પરત નહીં આપી માથાકૂટ કરશો તો જાનથી મારી નાંખવાની ધમકી આપી ખાતુ બંધ કરી નાસી ગયો હતો. ખટોદરા પોલીસે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મતદાર કાર્ડ સિવાયના ૧૧ દસ્તાવેજો મતદાન કરવા માટે માન્ય ગણાશે

સુરત

ભારતના ચૂંટણીપંચ દ્વારા આગામી લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯ માટે મતદાન મથકે મતદારની ઓળખ માટે રજુ કરી શકાય તેવા દસ્તાવેજોની યાદી જાહેર કરાઈ છે. આયોગે નિર્દેશ કર્યો છે કે જે મતદારોને મતદાર ફોટો ઓળખકાર્ડ આપવામાં આવ્યા છે તેવા દરેક મતદારોએ મતદાન મથકે પોતાનો મત આપતા પહેલાં ઓળખ માટે આ મતદાર ફોટો ઓળખકાર્ડ રજુ કરવાનું રહેશે. જે મતદારો પોતાનું મતદાર ફોટો ઓળખકાર્ડ રજૂ કરી શકે તેમ ન હોય તેઓએ પોતાની ઓળખ માટે નીચેના દસ્તાવેજો પૈકી કોઈ એક દસ્તાવેજ રજુ કરવાનો રહે છે:

જેમાં (૧) પાસપોર્ટ, (૨) ડ્રાઈવિંગ લાઈસન્સ, (૩) કેન્દ્ર કે રાજ્ય સરકાર, જાહેર ક્ષેત્રના એકમો, પબ્લિક લિમિટેડ કંપનીઓએ કર્મચારીઓને આપેલા ફોટા સાથેના સેવા ઓળખકાર્ડ, (૪) બેંક કે પોસ્ટ ઓફિસ દ્વારા આપવામાં આવેલ ફોટો સાથેની પાસબુક, (૫) પાનકાર્ડ, (૬) એન.પી.આર. હેઠળ રજિસ્ટ્રાર જનરલ ઓફ ઈન્ડિયા દ્વારા આપવામાં આવેલું સ્માર્ટ કાર્ડ, (૭) નરેગા જોબકાર્ડ, (૮) શ્રમ મંત્રાલયની યોજના હેઠળ આપવામાં આવેલું આરોગ્ય વીમા કાર્ડ સ્માર્ટ કાર્ડ, (૯) ફોટો સાથેનો પેન્શન દસ્તાવેજ, (૧૦) સંસદસભ્યશ્રી, ધારાસભ્યશ્રી અથવા વિધાનપરિષદના સભ્યોને આપવામાં આવેલ ફોટો ઓળખ કાર્ડ,(૧૧) આધાર કાર્ડ નો સમાવેશ થાય છે. અગાઉ ચૂંટણી તંત્ર દ્વારા આપવામાં આવતી ફોટો મતદાર કાપલી ઓળખના પુરાવા તરીકે માન્ય હતી. પરંતુ હવે આયોગે નક્કી કર્યું છે કે હવે પછીથી ફોટો મતદાર કાપલીને મતદાન માટે ઓળખના પુરાવા તરીકે સ્વીકારવામાં નહીં આવે. આથી, મતદારે મતદાન મથકે પોતાની ઓળખ સાબિત કરવા ઉકત પૈકી કોઈ એક પુરાવો અચૂક રજૂ કરવાનો રહેશે. જો કે, મતદાર જાગૃતિ માટે ચૂંટણી તંત્ર તરફથી મતદાર કાપલી મતદારોને વિતરણ કરાશે.

લિંબાયતથી હમીદાબાનુ મકબુલખાન ગુમ

સુરત

પોલીસ કમિશનરશ્રીની કચેરી, ડીસીબી પોલીસના જણાવ્યા અનુસાર તા.૧૮/૦૩/૨૦૧૯ ના રોજ ઘર નં.એ-૧૨, ગલી નં.૧, પદ્માવતી સોસા., લિંબાયત ખાતે રહેતા ૪૦ વર્ષીય હમીદાબાનુ મોહમદ મતીન મકબુલખાન ગુમ થયા છે. તે શરીરે મધ્યમ બાંધાના, રંગે ગૌર વર્ણ અને ઉંચાઈ ૫ ફૂટ છે. તેમણે ક્રીમ કલરનો પંજાબી ડ્રેસ પહેરેલ છે. જે કોઈને ભાળ મળે તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા લિંબાયત પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

તંત્રી સ્થાનેથી...

ઉન અને ઈનની મિત્રતા

ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉન હવે પોતાના વચનોને અમલી કરતા નજરે પડી રહ્યા છે. કિમે શાંતિ સ્થાપિત કરવા અને જુદા જુદા દેશો સાથે પોતાના સંબંધોને સુધારી દેવા માટે શરૂઆત કરી દીધી છે. થોડાક સમય પહેલા તેઓ દક્ષિણ કોરિયા પહોંચી ગયા હતા અને ત્યાંના પ્રમુખ મુન જે ઈન સાથે વાતચીત કરી હતી. ઉન એવા પ્રથમ ઉત્તર કોરિયન શાસક છે જે વર્ષ ૧૯૫૦-૫૩ના કોરિયન યુદ્ધ બાદ દક્ષિણ કોરિયાની જમીન પર પગ મુકનાર નેતા બન્યા છે. બન્ને નેતાઓની વાતચીત તો પહેલા પણ થઈ હતી પરંતુ આ વાતચીત ૧૨ વર્ષ પહેલા કોઈ ત્રીજા દેશમાં થઈ હતી. બન્ને કોરિયન દેશના રાષ્ટ્ર પ્રમુખની આ વાતચીત પર સમગ્ર દુનિયાની નજર કેન્દ્રિત થઈ ગઈ હતી. આને આ ક્ષેત્રમાં શાંતિ સ્થાપિત કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલા તરીકે ગણવામાં આવે છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પણ ઉનને બે વખત મળી ચુક્યા છે. જે વાતચીત અપેક્ષા કરતા ઓછી સફળ રહી છે.પ્રથમ વખત ટ્રમ્પ અને ઉત્તર કોરિયા વચ્ચે મંત્રણા સિંગાપોરમાં થઈ હતી. જ્યારે બીજી મંત્રણા હનોઈમાં થઈ હતી. કેટલાક મતભેદો પણ સપાટી પર ઉભરીને આવ્યા હતા. ખાસ કરીને આના કારણે કોરિયન દ્વિપના લોકોને સૌથી મોટી રાહત થઈ રહી છે. જ્યાં અમેરિકા સહિત દુનિયાના કેટલાક દેશોના પ્રતિબંધના કારણે હાલત ખરાબ થયેલી છે. આ બાબત જુદી છે કે અમેરિકા અને ઉત્તર કોરિયા વચ્ચે તમામ બાબતો એક સાથે ઠીક થઈ જાય તેવી શક્યતા ઓછી છે. આવી આશા પણ તરત તો દેખાતી નથી. કિમ જોંગ ઉન ભલે પોતાના ન્યુક્લિયર પ્રોગ્રામને બંધ કરવાનો દાવો કરી રહ્યા છે પરંતુ અમેરિકા પૂર્ણ નિશસ્ત્રીકરણ ઈચ્છે છે. અર્થ એ છે કે કિમ જોંગ તેમના દ્વારા બનાવવામાં આવેલા તમામ હથિયારો નષ્ટ કરી નાંખે. પોતાના પરમાણુ સ્થળ પર માટી મુકાઈ દે. વ્હાઈટ હાઉસે સાફ શબ્દોમાં કહ્યુ છે કે જ્યા સુધી ઉત્તર કોરિયા પરમાણુ નિશસ્ત્રીકરણની દિશામાં આગળ વધતુ નથી ત્યાં સુધી પ્રતિબંધ યથાવત રીતે અમલી રહેશે. ટ્રમ્પ પણ કહી કહી ચુક્યા છે કે કિમ જોંગ ઉન પોતાના ન્યુક્લિયર પ્રોગ્રામ માટે કોઈ નક્કર પગલા લેતા નથી તો વાતચીતનો કોઈ અર્થ નથી. સવાલ એ છે કે શુ કિમ જોંગ ઉન આના માટે તૈયાર થઈ જશે. આ માનવાની બાબત એટલી સરળ નથી. તમામ બાબતો કિમ જોંગ ઉનના હાથમાં પણ નથી. તેમનુ પગલુ મોટા ભાગે ચીન પર પણ આધારિત રહેશે. ચીન ક્યારેય પણ ઈચ્છશે નહી કે ઉત્તર કોરિયા પાસે કોઈ પણ પ્રકારના હથિયાર ન રહે. તે તેની હાલત ઈરાન જેવી તો ક્યારેય થવા દેશે. નહી. કારણ કે દક્ષિણ ચીન સાગરમાં શક્તિ સંતુલન જાળવવા માટે ઉત્તર કોરિયાની જરૂર તેને હમેંશા રહેનાર છે. ચીને જ ઉનને વાતચીત માટે તૈયાર કર્યા છે. આગળની રણનિતી પણ તેના દ્વારા તૈયાર કરવામાં આવનાર છે. અમેરિકા અને ચીન વચ્ચે ટ્રેડ વોરની સ્થિતી રહેલી છે ત્યારે ઉનને લઈને ચીનનુ વલણ શાંતિથી બેસીને ઉનની પીઠ પરક હાથ રાખવા માટેનુ રહેશે. આ મહિનામાં જ રાજદ્ધારી નીતિ કોની કેવી રહે છે તે બાબતની ધીમે ધીમે માહિતી સપાટી પર આવનાર છે.

ઉત્તર કોરિયાના લીડર કિમ જોંગ ઉન હવે પોતાના વચનોને પાળતા દેખાઈ રહ્યા છે

પોકમાં ભારતના હવાઈ હુમલા સહિતના મજબુત પાસા છતાં...

મોદી અને શાહ માટે રસ્તો સરળ નથી

પુલવામાં હુમલા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકારે જે રીતે ત્રાસવાદના મુદ્દા પર આક્રમક રીતે આગળ વધી તે જોતા મોદી સરકાર માટે લોકસભા ચૂંટણીમાં સ્થિતી સારી દેખાઈ રહી છે. તમામ સર્વે પણ ભાજપના નેતૃત્વમાં એનડીએ માટે સારા સંકેત આપે છે. છતાં કેટલાક પડકારો રહેલા છે. પુલવામા ખાતે સીઆરપીએફના કાફલા પર હુમલો કરવામાં આવ્યા બાદ ભારતે જે રીતે પાકિસ્તાનમાં ઘુસીને ત્રાસવાદીઓના કેમ્પ ફુંકી માર્યા હતા તે જોતા માહોલ મોદીની તરફેણમાં છે. જો કે હજુ કેટલીક અડચણો રહેલી છે. અમિત શાહ વારંવાર કહી રહ્યા છે કે અમારી સરકારે જે કામ કર્યુ છે તેમના આધાર પર અમે ચૂંટણી મેદાનમાં ઉતરવા માટે જઈ રહ્યા છીએ. સાથે સાથે અમે ફરી ભવ્ય રીતે જીતીને આવીશુ. પરંતુ અમે વર્ષ ૨૦૧૪ની પરિસ્થિતી અને આજની સ્થિતીને ધ્યાનમાં લેવામાં આવે તો છેલ્લી લોકસભા ચૂંટણીના માહોલ કરતા હાલમાં માહોલ અલગ છે. નરેન્દ્ર મોદી એ વખતે લોકોની નજરમાં હિરો બનેલા હતા. જ્યાં પણ ભાજપના જનાધારની સ્થિતી હતી ત્યાં ભાજપને અપેક્ષા કરતા વધારે મોટી સફળતા હાથ લાગી હતી. હવે કેન્દ્ર અને દેશના મોટા ભાગના રાજ્યોમાં તેની સરકારો રહેલી છે. વર્ષ ૨૦૧૪ના તેમના ઉત્સાહી સમર્થક સરકારના કામોની પણ હવે સમીક્ષા લોકો કરી રહ્યા છે. જે અપેક્ષાના આધાર પર મોદીને મત આપ્યા હતા તે દિશામાં સરકાર કામ કરી શકી છે કે કેમ તે પ્રશ્ન લોકો પોતાને કરશે. રાજ્યોમાં પણ ભાજપ તેમની અપેક્ષા મુજબ આગળ વધી શકી છે કે કેમ તેની ખાતરી લોકો કરનાર છે. મોટા ભાગના સમીક્ષકો માને છે કે ભાજપની



અનેક હકારાત્મક મુદ્દા ઉપસ્યા હોવા છતાં ભાજપની સામે સૌથી મોટો પડકાર વિપક્ષી એકતા છે : જનાધારને જાળવવાની બાબત પણ મુશ્કેલ

સામે કેટલાક પડકારો રહેલા છે. જે પૈકી સૌથી મોટો પડકાર વિપક્ષી એકતાનો રહેલો છે. કોંગ્રેસ પાર્ટીએ ગયા વર્ષે ૧૦મી સપ્ટેમ્બરના દિવસે ભારત બંધની હાકલ કરી હતી જેમાં કેટલાક મુખ્ય રાજકીય પાર્ટીના નેતા આવ્યા ન હતા. હાલમાં વિપક્ષી એકતાના દાવા સામે પ્રશ્નો ઉઠી રહ્યા છે. હાલની સ્થિતીમાં જે ચિત્ર ઉપસી રહ્યુ છે તે મુજબ કેટલાક રાજ્યોમાં વિપક્ષી ગઠબંધન ચોક્કસપણે થયુ છે પરંતુ સંપૂર્ણ રહેશે તેમ દેખાતુ નથી. બીજી બાજુ ભાજપ માટે વિપક્ષી પાર્ટીઓની એકતા જ એકમાત્ર પડકાર જુદા જુદા રાજ્યોમાં હોઈ શકે તેમ નથી. ભાજપની સામે વર્ષ ૨૦૧૪ની તુલનામાં કેટલાક નવા પડકારો છે. વર્ષ ૨૦૧૪માં જે જનાધારની સ્થિતી હતી તેને જાળવી રાખવા માટેના પડકારો રહેશે. જો ભાજપ જનાધારને જાળવી રાખશે તો વિપક્ષી એકતા પણ તેને નુકસાન કરી શકશે નહી. કોંગ્રેસ હાલમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં શાનદાર દેખાવ કરીને ખાતરી આપી છે કે ભાજપને હાર આપી શકાય છે. આ રાજ્યોના પરિણામથી સંકેત આપવા માંગે છે કે ભાજપ અજેય નથી. રાજસ્થાન, છત્તિસગઢ અને મધ્યપ્રદેશમાં કોંગ્રેસની હાલમાં જીત થયા બાદ ભારતીય જનતા પાર્ટીને વધારે મહેનત કરવાની જરૂર દેખાઈ રહી છે. રાફેલ સોદાબાજી અને ભાવ વધારા તેમજ બેરોજગારીને લઈને કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી આક્રમક રીતે પ્રચાર કરી રહ્યા છે. કોંગ્રેસ પાસે એવા લોકો છે જે મતદારોને સમજાવી શકે છે તે મોટો પ્રશ્ન છે. વિપક્ષી પાર્ટી પાસે દમદારોની ટીમ જરૂરી છે. જે તેમની પાસે નથી. મોદીની છાપ આજે પણ મજબુત રહી છે. હિન્દુત્વને લઈને તેમની છાપ આજે પણ મજબુત રહેલી છે. જો કે મોદી હિન્દુત્વના મોરચે એવા કોઈ કામ કરી શક્યા નથી જેના કારણે આ વર્ગના લોકો સંતુષ્ટ થઈ શકે છે. કેટલાક મામલે પાર્ટી સામે દુવિધા છે. અનુસુચિત જાતિ અને જનજાતિ કાનુન પર સુપ્રીમ કોર્ટના ચુકાદાને બદલી નાંખવાનો મુદ્દો મોટો મુદ્દો બની ચુક્યો છે. સવર્ણોના વર્ગમાં પણ નારાજગી જોવા મળી રહી છે.ભાજપ નેતા માને કે ન માને તેમના જનાધારને લઈને દુવિધા છે. જનાધારને એક સાથે રાખવાની કામગીરી મુશ્કેલ છે પરંતુ જો આ કામ કરી શકશે તો ભાજપની જીત નક્કી છે. ભાજપના નેતા ભલે નિશ્ચિત દેખાઈ રહ્યા છે પરંતુ તેમની સામે પણ અનેક જટિલ પડકારો છે. ભાજપને સુરક્ષા, રાષ્ટ્રીય લહેરને જાળવી રાખવા માટે પ્રયાસ કરવા પડશે.

હેલ્થી ટ્રિક્સ : ફિટ રહેવા બ્રેક ફાસ્ટને ટેવ બનાવી દેવાની જરૂર

ફિટ અને એનર્જી સાથે રહી શકાય

આધુનિક ભાગદોડની લાઈફમાં દરેક વ્યક્તિ ફિટ અને એનર્જેટિક રહેવા માટે ઈચ્છુક હોય છે પરંતુ તે જરૂરી સમય કાઢી શકતો નથી. ટેક્સાસમાં હાલમાં કરવામાં આવેલા નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે શરીરમાં બે ટકા પાણીની કમી થવાની સ્થિતીમાં પણ એનર્જી લેવલ ખુબ ઓછુ થઈ જાય છે. ડિહાઈડ્રેશનના કારણે બ્લડવોલ્યુમ ઘટી જાય છે. જેના કારણે લોહી ગાઢ બની જાય છે. જેના કારણે હાર્ટ ઓછા અસરકારક રીતે કામ કરે છે. આનાકારણે ઓક્સીજન અને પૌષક તત્વો ઓછી ગતિથી આપની મસલ્સ અને ઓર્ગન્સ સુધી પહોંચે છે. આના માટે રહી રહીને પાણી પીતા રહેવાની જરૂર હોય છે. નિષ્ણાંત લોકો કહે છે કે સવારે ઉઠી ગયા બાદ વધારે સમય સુધી ભુખ્યા રહેવાની બાબત યોગ્ય નથી. બ્રેકફાસ્ટ કરવાથી આપના મેટાબોલિજમ યોગ્ય રહે છે. જો તમે બ્રેક ફાસ્ટમાં પૌષ્ટિક ભોજન લઈ રહ્યા છો તો દિવસ દરમિયાન ઉર્જા રહે છે. સવારના સમયમાં ભુખ્યા રહેવાની સ્થિતીમાં દિવસ દરમિયાન માથુ ચકરાવે છે. આના કારણે ખુબ થાક લાગે છે. જેથી સવારના સમયમાં નાસ્તાને પ્રાથમિકતા આપવામાં આવે તે જરૂરી છે.જંક ફુડથી દુરી રાખવામાં આવે તે પણ જરૂરી છે. જંક ફુડ ખાવાથી શરીરને કોઈ ઉર્જા મળતી નથી. આ માત્ર સ્વાદમાં ગમી શકે છે. જંક ફુડથી બ્લડ શુગર વધી જાય છે. જેના કારણે આપને વધારે થાક લાગે છે. આપને ભોજનમાં પ્રોટીનયુક્ત ચીજોનો ઉપયોગ કરવાની સલાહ મોટા ભાગના નિષ્ણાંત લોકો આપે છે. ૨૪ કલાક ફિટ અને એનર્જેટિક રહેવા માટે કેટલીક ખરાબ ટેવ છોડી દેવાની જરૂર છે. ખોટી ટેવ છોડી દેવાના કારણે ફિટ રહેવામાં મદદ મળશે.ફિટ અને હેલ્થી રહેવા માટે નિયમિત કસરત જરૂરી બની ગઈ હોવાનું તારણ નવા અભ્યાસમાં બહાર આવ્યું છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે કસરતથી શરીરમાં બ્લડ સરક્યુલેશનમાં ઉલ્લેખનીય વધારો થાય છે. સાથે સાથે આનાથી કુશળતા પણ વધી જાય છે. નોકરીની જગ્યાએ લાંબા સમય સુધી કોમ્પ્યુટરની સામે બેસી રહેવાથી ઘણી તકલીફ ઉભી થઈ શકે છે આવી સ્થિતિમાં નિયમિતપણે કસરત ખૂબ જ જરૂરી છે. નિયમિતપણે કસરત નહીં કરવાથી શરીરમાં બ્લડ સરક્યુલેશનની ગતિ ધીમી પડી જાય છે. યાદશક્તિ અને ધ્યાનશક્તિને વધારવા નિયમિત કસરત જરૂરી બની ગઈ છે. આનાથી શરીરમાં ટોકસીન ફોર્મેશનની ગતિ ધીમી પડે છે. કસરતના સંબંધમાં વારંવાર તારણો સપાટી પર આવી ચૂક્યા છે. નિષ્ણાંતોનું કહેવું છે કે શરીરને ફિટ અને હેલ્થી રાખવા માટે વોકિંગ, સ્વીમીંગ, એરોબીક્સ, સાઈકલીંગ અને બેલી ડાન્સીંગ હવે ઉપયોગી બન્યા છે. વોકિંગને સર્વશ્રેષ્ઠ કસરત તરીકે ગણવામાં આવે છે. દરરોજ જીમમાં જવા માટે આધુનિક સમયમાં સમય નથી. આવી સ્થિતિમાં વોકિંગ કરવાથી ફાયદો થાય છે. દરરોજ ઓછામાં ઓછા ૩૦ મિનિટ સુધી વોકીંગમાં સમય ગાળવામાં આવે તે જરૂરી છે. ભોજન લીધા બાદ ઓછામાં ઓછા પાંચ મિનિટ સુધી ઓફિસના પ્રાંગણમાં વોકિંગ કરવાથી ફાયદો થાય છે. જીમમાં કસરત કરવાથી ડર લાગે છે તો આવી સ્થિતિમાં સ્વીમીંગ પણ વિકલ્પ તરીકે છે. સ્વીમીંગથી શારીરિક પ્રવૃત્તિ વધી જાય છે. બટર ફ્લાય સ્ટ્રોક, બેગ સ્ટ્રોક, બિગ સ્ટ્રોકથી ફાયદો થાય છે. એરોબીક્સને પણ હવે મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. સંગીતના પ્રેમીઓ માટે એરોબીક્સનો વિકલ્પ પસંદ કરવો જોઈએ. આનાથી ટેન્શન ઓછું થાય છે. એરોબીક્સની ક્લાસમાં પણ હાલમાં મોટી સંખ્યામાં લોકો જોવા મળે છે. સાઈકલીંગથી હાર્ટ અને બ્લડ સરક્યુલેશનમાં સુધારો થાય છે. સાઈકલીંગ નિયમિત કરવાથી પગના સ્નાયુ પણ મજબૂત બને છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે માત્ર ત્રણ મિનીટ સુધીની સામાન્ય કસરત પણ સ્થૂળતાને ઘટાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.



શરીરમાં બે ટકા પાણીની કમી થવાની સ્થિતીમાં એનર્જી લેવલ ખુબ ઓછુ થઈ જાય છે : નિયમિત ગાળામાં પાણી પિતા રહેવુ જોઈએ

ફેટને દૂર કરવામાં કસરતની મહત્વપૂર્ણ ભૂમિકા છે. નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે જે લોકો જીમમાં જવામાં આળસ અનુભવ કરે છે અને જે લોકો કસરત માટે સમય નથી તેવી દલીલ કરે છે તે લોકો માટે એક નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે માત્ર ત્રણ મિનીટની કસરત મહત્વપૂર્ણ થઈ શકે છે અને ઘરમાં જ આ કસરત કરી શકાય છે.

પહેલી મેના દિવસે વિશ્વ અસ્થમા દિવસે જાગૃતિ સંદેશા અપાશે...

પ્રદુષણથી બાળકોમાં અસ્થમાનો ભય

